## ઇમિગ્રન્ટ સમુદાય માટે નાગરિક અધિકાર સંરક્ષણ માટેનું નિવેદન

અહીં ન્યૂ જર્સીમાં, અમે અમારા સ્ટેટના ઇમિગ્રન્ટ સમુદાયને ગેરકાનૂની ભેદભાવ અને પક્ષપાત-આધારિત સતામણીથી બચાવવા માટે નિશ્ચિતપણે પ્રતિબદ્ધ છીએ. અમારું સ્ટેટ 20 લાખથી વધુ ઇમિગ્રન્ટનું ઘર છે. તેઓ આપણા સમુદાયની કરોડરજ્જુ છે અને તેઓ આપણા શ્રમબળને મજબૂત બનાવે છે અને આપણા સ્ટેટના અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ છે. આપણા સ્ટેટની ઇમિગ્રન્ટ વસ્તી કામ કરવા, આવાસ શોધવા, શાળામાં હાજરી આપવા, તબીબી સંભાળ મેળવવા અને ભેદભાવ અને સતામણીથી મુક્ત જાહેર સેવાઓ મેળવવામાં સક્ષમ બને તે મહત્ત્વપૂર્ણ છે.

ભેદભાવ સામેનો ન્યૂ જર્સી કાયદો (LAD) નોકરીદાતા, આવાસ પ્રદાતા અને જાહેર આવાસના સ્થળ—જેમાં જાહેર જનતા માટે ખુલ્લી જગ્યાઓ, જેમાં શાળા, હોસ્પિટલ, આરોગ્ય સંભાળ સુવિધા, સ્ટોર અને પોલીસ વિભાગ વગેરેનો સામેલ છે અને આ ફક્ત થોડા ઉદાહરણ છે—રાષ્ટ્રીય મૂળ, વંશ, રાષ્ટ્રીયતા, જાતિ અને અન્ય સંરક્ષિત લાક્ષણિકતાઓના આધારે ભેદભાવ કરવાથી પ્રતિબંધિત કરે છે. તમારી નાગરિકતાની સ્થિતિ અથવા તમારી ઇમિગ્રેશન સ્થિતિને ધ્યાનમાં લીધા વગર આ સુરક્ષા લાગુ પડે છે. LAD હેઠળ, તમામ લોકોને—જેમાં બિન-યુ.એસ. નાગરિકો, શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારા સામેલ છે—ભેદભાવથી મુક્ત રહેવાનો સમાન અધિકાર છે.

નોકરીદાતા, આવાસ પ્રદાતા અને જાહેર જનતા માટે ખુલ્લી જગ્યા LADનું ઉલ્લંઘન કરે છે જ્યારે તેઓ વ્યક્તિના વાસ્તવિક અથવા માનવામાં આવતા રાષ્ટ્રીય મૂળ, વંશ, રાષ્ટ્રીયતા, જાતિ અથવા અન્ય સંરક્ષિત લાક્ષણિકતાઓના આધારે ભેદભાવ કરે છે. રાષ્ટ્રીયતા એ વ્યક્તિની નાગરિકતા સાથે આંતરિક રીતે જોડાયેલી હોય છે, અને રાષ્ટ્રીય મૂળ અને વંશ વ્યક્તિના (અથવા તેમના પૂર્વજોના) મૂળ સ્થાનનો સંદર્ભ આપે છે. આ રક્ષણોનો અર્થ, અન્ય બાબતોની સાથે, એ છે કે કાર્યસ્થળ અથવા મકાનમાલિકને ચોક્કસ દેશ સાથેના તેમના કથિત અથવા વાસ્તવિક જોડાણના આધારે લોકો સાથે અલગ રીતે વર્તે તેવી નીતિઓ અથવા પ્રથાઓ જાળવવાથી પ્રતિબંધિત છે. LAD રાષ્ટ્રીય મૂળ, વંશ, રાષ્ટ્રીયતા, જાતિ અને અન્ય સંરક્ષિત લાક્ષણિકતાઓના આધારે તમામ પ્રકારની પ્રોફાઇલિંગને પણ પ્રતિબંધિત કરે છે. ઉદાહરણ તરીકે, મ્યુનિસિપલ કોર્ટના અધિકારી દ્વારા વ્યક્તિને તેની ઓળખ બતાવવાની માગણી કરવી કારણ કે તેની અટક સ્પેનિશ છે, તે ગેરકાનૂની છે

રાષ્ટ્રીયતા-આધારિત ભેદભાવ સામે LADના રક્ષણનો અર્થ એવો પણ થાય છે કે નાગરિકતાના આધારે ભેદભાવ કરવો ન્યૂ જર્સીમાં ગેરકાયદેસર છે—સ્ટેટ અથવા સંઘીય કાયદા દ્વારા ફરજિયાત નાગરિકતા પ્રતિબંધો, જેમ કે ફેડરલ I-9 રોજગાર પાત્રતા ચકાસણી ફોર્મ, અથવા રાષ્ટ્રીય હિતના રક્ષણ માટે જરૂરી રોજગાર પ્રતિબંધો માટેના મર્યાદિત અપવાદ સાથે. ઉદાહરણ તરીકે, હોસ્પિટલ દ્વારા કોઈને સારવાર આપવાનો ઇનકાર કરવો અથવા શાળા માટે વિદ્યાર્થી સાથે અલગ રીતે વ્યવહાર કરવો ગેરકાનૂની છે કારણ કે તેઓ યુ.એસ. નાગરિક નથી.

LADમાં નોકરીદાતા, આવાસ પ્રદાતા અને જાહેર જનતા માટે ખુલ્લી જગ્યાઓએ રાષ્ટ્રીય મૂળ, વંશ, રાષ્ટ્રીયતા, જાતિ અને અન્ય સંરક્ષિત લાક્ષણિકતાઓ પર આધારિત સતામણીને સક્રિયપણે સંબોધવા અને પ્રતિસાદ આપવા જરૂરી છે. ઉદાહરણ તરીકે, જો કોઈ મકાનમાલિક જાણે છે કે ભાડૂત પાડોશીને તેના મૂળ દેશ અથવા બોલાતી ભાષાના આધારે વારંવાર હેરાન કરે છે અને હેરાનગતિ ના કારણે જીવન માટે પ્રતિકૂળ વાતાવરણ ઊભું થયું છે, અને જો આવાસ પ્રદાતા સતામણીને રોકવા માટે પગલા ન લે તો તેમણે LADનું ઉલ્લંઘન કર્યું છે.

વિવેચનાત્મક રીતે, LAD ભેદભાવ અથવા સતામણી વિશે ફરિયાદ કરનાર કોઈપણ સામે બદલો લેવા પર પણ પ્રતિબંધ મૂકે છે. LAD હેઠળ, જે વ્યક્તિઓ ભેદભાવ માટે પ્રતિશોધમાં જોડાય છે અથવા ધમકી આપે છે તેઓને તેમની ક્રિયાઓ માટે વ્યક્તિગત રીતે જવાબદાર ઠેરવી શકાય છે. દાખલા તરીકે, એક આવાસ મેનેજર જે ભાડૂતને ભેદભાવની ફરિયાદ કરવા બદલ ઇમિગ્રેશન અધિકારીઓને રિપોર્ટ કરવાની ધમકી આપે છે, તે LADનું ઉલ્લંઘન કરશે. તેઓ તેમની ક્રિયાઓ માટે વ્યક્તિગત રીતે જવાબદાર હોઈ શકે છે, અને તેમના નોકરીદાતા પણ જવાબદાર હોઈ શકે છે.

અમે તમામ ન્યૂ જર્સીના નાગરિક અધિકારોનું રક્ષણ કરવા માટે પ્રતિબધ્દ્ધ રહીએ છીએ, અને અમે વ્યક્તિઓના રાષ્ટ્રીય મૂળ, વંશ, રાષ્ટ્રીયતા, જાતિ અથવા અન્ય કોઈપણ સંરક્ષિત લાક્ષણિકતાઓના આધારે તેમના લક્ષ્યાંકને સહન કરીશું નહીં. કોઈ ભૂલ કરશો નહીં: જો તમે અમારા સ્ટેટના ઇમિગ્રન્ટ સમુદાયને ગેરકાનૂની રીતે લક્ષ્ય બનાવીને કાયદાનું ઉલ્લંઘન કરો છો, તો અમે તમને જવાબદાર ગણીશું.

અમે સમુદાયના સભ્યોને ભેદભાવ અથવા પક્ષપાત-આધારિત સતામણીના પુરાવાની DCRને જાણ કરવા માટે ભારપૂર્વક પ્રોત્સાહિત કરીએ છીએ. વધુ જાણવા માટે અથવા ફરિયાદ નોંધાવવા માટે, કૃપા કરીને NJCivilRights.gov પર જાઓ અથવા 1.833.NJDCR4U પર કૉલ કરો. ભાષા સહાયતા માટે, LanguageHelp@njcivilrights.gov પર DCRને ઇમેઇલ કરો. DCR ની સેવાઓ તમામ લોકો માટે તેમની નાગરિકતા અથવા ઇમિગ્રેશન સ્થિતિને ધ્યાનમાં લીધા વિના મફત છે, અને DCR કર્મચારીઓ નાગરિકતા અથવા ઇમિગ્રેશન સ્થિતિ વિશે પૂછતા નથી. વધુ માહિતી માટે, કૃપા કરીને રોજગાર, આવાસ અને સાર્વજનિક આવાસના સ્થળોમાં રાષ્ટ્રીય મૂળના ભેદભાવ પર DCRના સંસાધનોનો સંપર્ક કરો.